

શ્રીસ્વામિનારાયણ મંદિર
કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામથી
પ્રકાશિત મેગેઝિન

વિશેષાંક

# સત્સંગ સેવક

નપેમ્બર-ડિસેમ્બર ૨૦૨૪



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

-: વિશેષાંક :-

નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૪



# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૦૪ | મહોત્સવની પૂર્વતૈયારી | શિબિરની પૂર્વ સંધ્યાએ | ૫૪ |
| ૦૬ | મહોત્સવની ભવ્યતા | શિબિરનો શુભારંભ | ૫૬ |
| ૧૦ | ભવ્ય પોથીયાત્રા | કીર્તનસહ ધ્યાન | ૫૮ |
| ૧૨ | મહોત્સવનું મંગલ ઉદ્‌ઘાટન | સવારનું ચિંતન | ૬૦ |
| ૧૮ | શ્રીજીપ્રસાદી માહાત્મ્ય કથા | શિક્ષાપત્રીભાષ્ય કથા | ૬૨ |
| ૨૨ | શ્રીમત્‌ સત્સંગિજીવન કથા | યુવા-યુવતી સભા | ૬૪ |
| ૩૦ | આશીર્વચન એવં વ્યાખ્યાનમાળા | સત્સંગ લાભ | ૬૬ |
| ૩૬ | રાજકીય મહાનુભાવો | બાલ-બાલિકા એવં કિશોર-કિશોરી શિબિર | ૬૮ |
| ૩૮ | સ્વામિનારાયણ રંગોત્સવ-3D ફિલ્મનું વિમોચન | દીપાવલી પર્વ | ૭૦ |
| ૪૨ | ૧૦૮ કુંભી પૂજન-નૂતન અક્ષરભુવન | ભાવભીની ભેટણલીલા | ૭૪ |
| ૪૪ | આધ્યાત્મિક કાર્યક્રમો | ભજનભેટ-૨ અર્પણ | ૮૦ |
| ૪૬ | અભિષેક તથા અન્નકૂટ | સામૂહિક મહાપૂજા | ૮૨ |
| ૫૨ | મહોત્સવ પૂર્ણાહુતિ પ્રસંગ | દિવ્ય અભિષેક | ૮૪ |




: આશીર્વાદ :
પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ



: પ્રેરક :
પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી
કુંડળધામ


**સત્સંગ સેવક**

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૧ માગશર સુદ-૪ વચનામૃત જયંતી, તા.૦૫/૧૨/૨૦૨૪ ગુરુવાર

www.swaminarayanbhagwan.org satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan swaminarayanbhagwan




# આમુખમ્

સર્વાવતારી શ્રીહરિજી મહારાજ કેવળ કરુણા કરીને આ બ્રહ્માંડમાં પધાર્યા અને ટૂંક સમયમાં જ જીવોના આત્યંતિક કલ્યાણનો ધૂધૂબાજ માર્ગ પ્રસ્થાપિત કરી દીધો. વળી આચાર્યો, સંતો, શાસ્ત્રો તથા મંદિરોના નિર્માણ કરી તે માર્ગને શાશ્વત બનાવી દીધો; જે માર્ગે આજદિન સુધી અનંત આત્માઓ કલ્યાણને પામતા રહ્યા છે.

શ્રીહરિ પ્રસ્થાપિત મુખ્ય મંદિરો પૈકી સંપ્રદાયની રાજધાની સમા વડતાલધામમાં બિરાજિત **શ્રીલક્ષ્મીનારાયણ દેવ, ઉપાસ્ય મૂર્તિ શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિ દેવોનાં ૨૦૦ વર્ષ** પૂર્ણ થતાં આચાર્યશ્રી અને વરિષ્ઠ સંતો-ભક્તોના અથાગ દાખડાથી સં.૨૦૮૧ કારતક સુદ-૬ થી કારતક સુદ-૧૫; તા.૭ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન વડતાલધામને આંગણે એક ઐતિહાસિક મહામહોત્સવ ઊજવાઈ ગયો.

વળી, આ મહામહોત્સવ પૂર્વે કુંડળધામને આંગણે પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી સં.૨૦૮૦-૮૧ આસો વદ તેરસથી કારતક સુદ પાંચમ; તા.૩૦ ઓક્ટોબરથી ૬ નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન **શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર-૩૩**નો અવિસ્મરણીય આનંદ પણ પ્રાપ્ત થયો. જેના યજમાનપદની સેવાનો લાભ પ.ભ.શ્રીમનુભાઈ નાગજીભાઈ જિયાણીને મળ્યો હતો. આ શિબિર એટલે અક્ષરધામમાં મુક્તો સાથે મહારાજની મૂર્તિનું સુખ માણવાનો દિવ્ય અખાડો.

આ મહામહોત્સવ અને શિબિર એ વર્ણનનો નહિ, પણ અનુભવનો વિષય છે. તો ચાલો, આ વિશેષાંકના માધ્યમે અનુભવોને તાજા કરીએ અને શ્રીહરિમાં અપાર પ્રેમ કરીએ.



પત્રિકાપૂજન-લેખન








WATCH VIDEO



આમંત્રણ રથ



# મહોત્સવની પૂર્વતૈયારીની પવિત્ર ગાથા...

સં.૨૦૭૯માં વડતાલધામ ખાતે ઊજવાયેલ કાર્તિકી સમૈયામાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ટેમ્પલ બોર્ડ તથા મૂર્ધન્ય સંતોએ ઉદ્ઘોષણા કરી કે આપણે સૌ સંતો-ભક્તોએ સાથે મળીને સંવત ૨૦૮૧ના કાર્તિકી સમૈયામાં વડતાલધામમાં વિરાજિત શ્રીલક્ષ્મીનારાયણ દેવ, શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિ દેવોના ૨૦૦મા પાટોત્સવને ભવ્યતાપૂર્વક રંગેચંગે ઊજવવો અને એ ઉદ્ઘોષણાને સૌએ આનંદભેર વધાવી લીધી હતી.

મહોત્સવની ઘોષણા થઈ ત્યારથી હજારો સંતો-ભક્તોએ વડતાલધામસ્થ **શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીલક્ષ્મીનારાયણ આદિક દેવોને રાજી કરવા તેમના ૨૦૦મા બર્થ ડે પર અનોખી ભેટ આપવાનું કરવાનું નક્કી કર્યું. અને એ અનોખી ભેટ હતી : ભજન ભેટ ! જેમાં સંતો-ભક્તોએ દંડવત, પ્રદક્ષિણા, મંત્રજાપ, ધ્યાન, શાસ્ત્ર વાંચન, મહાપૂજા, તપ, વ્રત જેવા વિશેષ નિયમો લઈ 'ભજન ભેટ' તૈયાર કરી.**

મહોત્સવ પૂર્વે વડતાલ, જૂનાગઢ, ગઢપુર, ધોલેરા વગેરે ધામોના સંતો-મહંતોએ મહોત્સવ ઉપક્રમે નાના-મોટા પ્રસંગો, પારાયણો, યજ્ઞ, શિબિરો, પદયાત્રાઓ, સત્સંગ સભાઓ તથા ધામોધામમાં સત્સંગ સંમેલનોનાં આયોજનો કરી ઉત્સવને અનેરો વેગ આપ્યો. આ ઉપરાંત ૨૦૦ સિલાઈ મશીન ભેટ, ૨૦૦ ટ્રાયસીકલ ભેટ, વૃક્ષારોપણ, નિઃશુલ્ક સર્વરોગનિદાન કેમ્પ, વ્યસનમુક્તિ અભિયાન, સ્વચ્છતા અભિયાન, આદિવાસી વિસ્તારમાં સ્કૂલ નિર્માણ, ધાબળા-વસ્ત્ર વિતરણ જેવાં અનેક સર્વજીવહિતાવહ સામાજિક આયોજનો કરવામાં આવ્યાં.

વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ તથા વડીલ સદ્‌ગુરુ સંતોએ દેશ-વિદેશમાં વિચરણ કરી અસંખ્ય ભક્તોને દ્વિશતાબ્દી મહોત્સવમાં પધારવા આમંત્રણ પાઠવ્યું હતું.

મહોત્સવની ભવ્યતા અને દિવ્યતાથી સહુ કોઈને વાકેફ કરવા શ્રીસ્વામિનારાયણ મંદિર, વડતાલધામ દ્વારા મ્યુઝિકલ આમંત્રણ સોંગ વિમોચિત કરવામાં આવ્યાં હતાં. જેમાં પૂ.ગુરુજીની પ્રેરણાથી કુંડળધામ દ્વારા "વડતાલધામના ૨૦૦ વર્ષના" આ પદનું ધમાકેદાર ઓડિયો-વિડિયો આલ્બમ વિમોચન કરી સત્સંગને અર્પણ કર્યું હતું.

વળી, વડતાલધામ દ્વારા વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો દ્વારા મહોત્સવના આમંત્રણની બાઈટ્સ વિમોચિત કરી સૌને મહોત્સવમાં આવવાનો ઉમંગ જગાડ્યો હતો. તેમજ નયનરમ્ય ૪ જેટલા 'આમંત્રણ રથ' સાથે સંતોએ ગામડે ગામડે વિચરણ કરી આ મહામહોત્સવને વિશ્વભરમાં ગુંજતો કર્યો હતો.

આ મહોત્સવનો સંદેશો દેશ-વિદેશમાં જન જન સુધી પહોંચે એવા હેતુથી તા.૧૬/૦૯/૨૦૨૪ના રોજ વડતાલધામ ખાતે 'આંતરરાષ્ટ્રીય પરિસંવાદ'નું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દુનિયાભરના સાહિત્ય ક્ષેત્રના શ્રેષ્ઠ વિદ્વાનો, સંશોધકો, ચાન્સેલરો, તત્ત્વચિંતકો, ધર્મગુરુઓ સહભાગી બન્યા હતા.

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ તથા અનેક મહાનુભાવો સંતો-ભક્તોની હાજરીમાં મહામહોત્સવની કલરફૂલ ભવ્ય 'આમંત્રણ પત્રિકા' લખીને વાજતે ગાજતે ઢોલ-નગારા સાથે સભામંડપથી લઈને નિજ મંદિરમાં વિરાજિત તમામ દેવોને અર્પણ કરવામાં આવી.

વળી, ૨૪ ઓક્ટોબરના રોજ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ, પૂ.લાલજી મહારાજ તથા વડીલ સંતોની ઉપસ્થિતિમાં ભવ્ય 'બાળ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦૦૦ જેટલા બાળકો તથા યુવાનોએ લાભ લીધો હતો. આ સંમેલનના અંતમાં ભવ્ય સાંસ્કૃતિક પ્રદર્શનનાં દ્વાર ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં.

તા.૨/૧૧/૨૦૨૪ ને શનિવારના રોજ વડતાલધામમાં આ મહામહોત્સવના ઉપક્રમે ૫૦૦૦ જેટલી વાનગીઓનો મહા અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

આ મહોત્સવમાં સભામંડપ, ઉતારા, પ્રદર્શન, ભોજનાલય વગેરે અનેક વિભાગોમાં અનેક સંતો-ભક્તોએ જવાબદારીપૂર્વક રાત્રી-દિવસ તનતોડ-મનમોડ સેવાઓ કરી હરિકૃષ્ણ મહારાજને રાજી કર્યા હતા.



WATCH VIDEO

પૂર્વતૈયારી



મહા અન્નકૂટ




ભવ્ય બાળસંમેલન



સર્વજીવહિતાવહ સેવાયજ્ઞ

# મહોત્સવની ભવ્યતા...




- ૮૦૦ વીઘાં(૧,૯૫,૦૦,૦૦૦ ચો.મી.) જેટલી વિશાળ જગ્યામાં ઊજવાયો ભવ્ય શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ
- ૧૮૫ ફૂટ પહોળું અને ૫૧ ફૂટ ઊંચું મહોત્સવનું ભવ્ય પ્રવેશદ્વાર
- ૭ લાખ સ્ક્વેરફૂટ જેટલા એરિયામાં ૨,૪૪,૮૦૦ ચોરસ ફૂટનો બનાવેલ મહોત્સવનો નયનરમ્ય મુખ્ય સભામંડપ
- ૩૦૦ x ૧૨૦ ફૂટનું ૬ સ્ટેપવાળું વિશાળ સ્ટેજ
- ૬ લાખ સ્કેવરફૂટ એરિયામાં પ્રસરાયેલું ભવ્ય સાંસ્કૃતિક પ્રદર્શન
- ૧૫ વીઘાંથી વધુ જગ્યામાં ૧૦૮ કુંડી વિષ્ણુયાગ
- ૨,૦૦૦ ઉપરાંત બાળકો લાભ લઈ શકે તેવો વિશાળ બાળ મહોત્સવ
- ૧,૦૦,૦૦૦ ભક્તો એકસાથે બેસી પ્રભુપ્રસાદ જમી શકે તેવી વિશાળ ભોજનશાળા
- ૧૪૦ પ્રકારની સમિતિઓમાં ૨૫૦ જેટલા સંતો અને ૨૦,૦૦૦ ઉપરાંત સ્વયંસેવકોની તનતોડ-મનમોડ સેવા






• ૧૫,૦૦૦ ઉપરાંત ભક્તો રહી શકે તેવું ૨૫૦૦થી વધુ ટેન્ટ ધરાવતું સુવિધાસંપન્ન **શ્રીસ્વામિનારાયણ ટેન્ટસિટી**
• ૧૧ ઝોનમાં હજારો વાહનોનો સમાવેશ થઈ શકે તેવું વિશાળ પાર્કિંગ
• ઉત્સવમાં પધારનાર દરેક ભક્તોને પીવા માટે મીનરલ વોટરની વ્યવસ્થા

WATCH VIDEO



INDEX

## શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ મેપ

1. મુખ્ય મંદિર
2. સભામંડપ
3. સાંસ્કૃતિક પ્રદર્શન
4. સાળંગપુરધામ ઓવરસીઝ ટેન્ટ સિટી
5. સ્વામિનારાયણ ટેન્ટ સિટી
6. મહોત્સવ મુખ્ય ભોજનાલય
7. સ્વાગત / ઓવરસીઝ ડેસ્ક
8. મહાપૂજા
9. યજ્ઞશાળા
10. અખંડ સંકીર્તન
11. અખંડ ધૂન
12. કેન્ટીન / ધાર્મિક સ્ટોર
13. ગૌ પ્રદર્શન
14. મેડિકલ / બ્લડ કેમ્પ
15. શ્રી ઘનશ્યામ બાળ મહોત્સવ
16. હરિકૃષ્ણ યાત્રિક ભુવન
17. આનંદ મેળો
18. પાર્કિંગ (ZONE 1 TO 11)
19. શ્રી ગોમતી સરોવર
20. અલૌકિક અક્ષર ભુવન
21. સ્વામિનારાયણ હોસ્પિટલ
22. ભૂદેવ ઉતારા
23. જ્ઞાનબાગ

Scan For More Information








# ભવ્ય પોથીયાત્રા

સર્વાવતારી આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજ, લક્ષ્મીનારાયણ દેવ આદિ દેવોના ૨૦૦મા પાટોત્સવ નિમિત્તે વડતાલધામમાં તા.૦૭ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૪ દરમ્યાન ભવ્યાતિભવ્ય ‘શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ’નું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૦૭/૧૧/૨૦૨૪ ને ગુરુવારના રોજ સવારે ૫:૩૦ કલાકે મહેળાવથી આ મહોત્સવની ભવ્ય પોથીયાત્રાનો શુભારંભ થયો. સવારે ૮:૦૦ કલાકે વલેટવા ચોકડીથી આ પોથીયાત્રા પુનઃ પ્રારંભ થઈ. વડતાલ પીઠાધિપતિ ૫.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ, મહોત્સવના મુખ્ય વક્તાશ્રી ૫.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ તથા ૫.પૂ.સદ્.શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામી-સરધારધામ તેમજ ધામધામથી પધારેલા અનેક સંતો-મહંતો એવં હજારો હરિભક્તો આ અદ્‌ભુત અલૌકિક પોથીયાત્રામાં જોડાયા હતા.

૬ કિલોમીટર જેટલી લાંબી આ અભૂતપૂર્વ પોથીયાત્રામાં ૫૦૦૦ પોથીશ્રીને ૫૦૦૦ મહિલા ભક્તોએ તથા ૫૦૦૦ કળશને ૫૦૦૦ મહિલાઓએ મસ્તક પર ધારણ કર્યા હતા. વળી, અનેક સુશોભિત બગીઓ તથા અનેક સુશોભિત વિવિધ ફ્લોટોથી શોભતી આ પોથીયાત્રામાં છત્રી-નૃત્યની સાથે સાથે મહારાષ્ટ્ર, પંજાબ, રાજસ્થાન, ગુજરાત તથા આદિવાસી વગેરેનાં નૃત્ય પણ આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં. તેમજ નાસિક બેન્ડ જેવાં અનેક બેન્ડવાજાં તથા વિવિધ પ્રકારના ઢોલના ધબકારે નાચીકૂદી ઝૂમીને રમઝટ બોલાવતા ભક્તોની સાથે પોથીયાત્રા લગભગ બપોરે ૧૨:૦૦ કલાકે વિરાટકાય સભામંડપ સ્થળે પહોંચી હતી.







WATCH VIDEO





## નૂતન અક્ષરભુવનના મોડલનું અનાવરણ







# મહોત્સવનું મંગલમય ઉદ્‌ઘાટન





WATCH VIDEO












# મંગલ શુભારંભ



WATCH VIDEO



શંખનાદ



સ્વાગત નૃત્ય

મહોત્સવ સ્થળે વિશાળ સભામંડપના નયનરમ્ય પ્રવેશદ્વાર પર ફટાકડાઓના ધમાકેદાર ધ્વનિ સહુ કોઈને આકર્ષી રહ્યા હતા. પોથીયાત્રામાં પધારેલા શ્રીહરિકૃષ્ણ મહારાજ, આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી તથા સંતોનું પુષ્પવૃષ્ટિ દ્વારા સ્વાગત થયું, નૃત્ય દ્વારા વધામણાં થયાં. ત્યારબાદ આચાર્ય મહારાજશ્રી તથા સંપ્રદાયની ધરોહર સમા મૂર્ધન્ય સંતોના કરકમળો દ્વારા ભવ્યતાપૂર્વક દબદબાભેર આ મહોત્સવનાં દ્વાર ખુલ્લાં મૂકવામાં આવ્યાં. શ્રીહરિકૃષ્ણ મહારાજ, આચાર્ય મહારાજશ્રી તથા સંતોએ વિવિધ વધામણાં સાથે હજારો ભક્તોને ગોદમાં લઈને બેઠેલ વિરાટકાય સભામંડપમાં પ્રવેશ કર્યો.

૨૦૦ શંખના ગગનભેદી નાદ સાથે આ મહોત્સવનો મંગલ પ્રારંભ થયો. ભવ્ય સ્વાગત નૃત્ય દ્વારા સહુનું સ્વાગત થયું. આચાર્ય મહારાજશ્રી તથા વડીલ સંતોના વરદહસ્તે દીપપ્રાગટ્ય અને મંગલ પ્રવચન સાથે કરોડોનાં કલ્યાણ કરનાર આ મહોત્સવનો શુભારંભ થયો.









## મંગલ પ્રવચન



WATCH VIDEO

પ.પૂ.કો.શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી
ચેરમેનશ્રી-વડતાલધામ



WATCH VIDEO

પ.પૂ.સદ્.શા.શ્રીધર્મપ્રિયદાસજી સ્વામી
(બાપુ સ્વામી) ધંધુકા



WATCH VIDEO

પ.પૂ.સદ્.શ્રીભગવતજીવનદાસજી સ્વામી
ઉપમહંતશ્રી, ભુજ મંદિર





સત્સંગ સેવક : નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૪
200 દ્વિશતાબ્દી મહોત્સવ



# શ્રીજી પ્રસાદી માહાત્મ્ય કથા

મહોત્સવના પ્રથમ સેશનમાં નિત્ય સવારે ૮:૩૦ થી ૧૧:૦૦ સુધી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ વ્યાસાસને બિરાજી **‘શ્રીજીપ્રસાદી માહાત્મ્ય કથા’**નું રસપાન કરાવતા હતા. જેમાં સવારના બ્રહ્મભીના વાતાવરણમાં પૂ.ગુરુજીએ ધૂન-કીર્તનના માધ્યમે ધ્યાન કરાવી હરિભક્તોને ભગવાનના સુખથી ભરી દીધા હતા. ત્યારબાદ પૂ.ગુરુજી શ્રીહરિની પ્રાસાદિક વસ્તુઓની કથા સંભળાવતા હતા. તેનું માહાત્મ્ય સમજાવતાં કહ્યું હતું કે, “શ્રીસ્વામિનારાયણ ભગવાન નખશિખ દિવ્યમૂર્તિ જ છે, પરંતુ તેમના સંબંધમાં જે કાંઈ આવે છે તે બધું પણ દિવ્ય, નિર્ગુણ, અમાયિક, અલૌકિક અને મોક્ષદાયક થઈ જાય છે; એવો પ્રતાપ ભગવાનના સંબંધમાં આવેલી વસ્તુઓનો છે, તો તે દિવ્યમૂર્તિ ભગવાન વિશે તો કહેવું જ શું !”

આ કથામાં પૂ.ગુરુજીએ શ્રીજીમહારાજની અંગભૂત દાઢ તેમજ મહારાજની પ્રસાદીની વસ્તુઓ જેવી કે, બાબાશાહી રૂપિયા, અંગરખું, કોરડો(ચાબૂક), કચકડાની વીંટી, ડાભડાની વીંટી, સોનાની વીંટી, ગૂડકી, તાંબાકૂંડી, ચરુ, મીનાકારી ચાંદલો, ચાખડી, જામો, લાલ બનાત(ચોફાળ), ધોતલી, બાર બારણાનો હિંડોળો, છડી, ચંદેરી જાતનો દુપટ્ટો, માટીનો ચંબુ, ચાંદીની બે ફોલ્ડીંગ છડી, ચમરનો હાથો, નવલખો હાર, સયાજીરાવ સરકારે મહારાજને લખેલો પત્ર, શ્રીજીમહારાજ અને નંદસંતોના અનેક પ્રાસાદિક સદ્ગ્રંથો જેવી અનેક વસ્તુઓના વ્યવસ્થિત ફોટો-વિડિયો કરી LED સ્ક્રીનના માધ્યમે નજીકથી દર્શન કરાવી તેના સાચા ઈતિહાસ સંશોધન કરી રજૂ કર્યા હતા. આજ સુધી ક્યારેય ન સાંભળેલી, ન જાણેલી અને ન જોયેલી એવી પ્રસાદીની અમૂલ્ય વસ્તુઓનાં દર્શન અને તેના સચોટ ઈતિહાસ ધરાવતી આ કથાનો લાભ લઈ સહુ સંતો-ભક્તો ખૂબ ખૂબ રાજી થયા હતા.

આ તમામ પ્રસાદીની વસ્તુઓ વડતાલધામ દ્વારા કરોડોના ખર્ચે ગોમતીજીના આરે તૈયાર થઈ રહેલ નૂતન અક્ષરભુવન (મ્યુઝિયમ)માં બધાને વ્યવસ્થિત દર્શન થાય તેવી રીતે પધરાવવામાં આવશે અને લાખો લોકો તેનાં દર્શન કરી અતિ પાવન બનશે.



હેતના ટેભાની ડગલી



ગૂડકી(સુરવાળ)



તાંબાકૂંડી તથા ચરુ



મીનાકારી ચાંદલો



ચાખડી





સોનાની વીંટી



માટીનો ચંબુ



કોરડો(ચાબૂક)



કચકડાની વીંટી



ડાભડાની વીંટી



શ્રીજીમહારાજની દાઢ



નવલખો હાર



લાલ બનાત(ચોફાળ)



ચાંદીની બે ફોલ્ડીંગ છડી



ધોતલી

# શ્રીજીપ્રસાદી માહાત્મ્ય કથા પ્રસંગે આનંદ-ઉત્સવ







રાસોત્સવ










# શ્રીમત્ સત્સંગિજીવન કથા

WATCH VIDEO

મહોત્સવના બપોર પછીના સેશનમાં દરરોજ પ.પૂ.સદ્.શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામી-સરધારધામ વ્યાસાસને બિરાજી **'શ્રીમત્ સત્સંગિજીવન'** ગ્રંથના માધ્યમે શ્રીહરિની વડતાલધામની લીલા તથા વડતાલધામના મહિમાની કથાનું રસપાન કરાવી શ્રીહરિમાં નેહ વધારવાનું માધ્યમ પૂરું પાડ્યું હતું. કથામાં પૂ.સ્વામીએ ઘણી મોક્ષોપયોગી વાતો કરી હતી.

આ કથા પારાયણ દરમિયાન ઘનશ્યામ જન્મોત્સવ, આગમન ઉત્સવ, જેતપુર ગાદી પટ્ટાભિષેક, સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય ઉત્સવ જેવા ઉત્સવો ઊજવવામાં આવ્યા હતા; જેમાં સ્ટેજ પર પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.લાલજી મહારાજ તથા તમામ નાના-મોટા સંતોએ રાસ લઈ આનંદ-ઉત્સવમાં સહભાગી બન્યા હતા. સમગ્ર શ્રોતાગણ પણ આ ઉત્સવમાં નાચીકૂદીને આનંદનો લ્હાવો લૂંટતા હતા.











# શ્રીમત્ સત્સંગિજીવન કથા અંતર્ગત વિવિધ ઉત્સવો


શ્રીઘનશ્યામ જન્મોત્સવ


ગાદીપટ્ટાભિષેક


દિવ્ય અભિષેક


પ્રતિષ્ઠા મહોત્સવ








મહોત્સવમાં પધારેલા ૭૦૦ ઉપરાંત સંતો







૧૦૮ સંહિતાપાઠી સંતો-ભક્તો

INDEX




મહોત્સવના સભામંડપમાં બેસી કથામૃતનું રસપાન કરતો વિશાળ ભક્તસમુદાય

# શુભાશિષ

## વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ






પ.પૂ.૧૦૮ લાલજી શ્રીસૌરભપ્રસાદજી મહારાજ (વડતાલધામ)



પ.પૂ.૧૦૮ લાલજી શ્રીદ્વિજેન્દ્રપ્રસાદજી મહારાજ (વડતાલધામ)

અનંતકોટિ બ્રહ્માંડના ધણી સ્વયં શ્રીપુરુષોત્તમનારાયણે જે ભૂમિને સંપ્રદાયનું કેન્દ્ર બનાવ્યું હોય, જ્યાં મહાપ્રતાપી શ્રીલક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા હોય, અતિ કરુણા કરીને પોતાનું સ્વસ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવ્યું હોય, તો એ છે વડતાલધામ..! આ ઉત્સવની જે કંઈ પણ ભવ્યતા, દિવ્યતા અને સ્વાનુભવો આપણને જણાય છે, તેનું કારણ અનંતકોટી બ્રહ્માંડના ધણી પુરુષોત્તમનારાયણે પોતાનું પરમેશ્વરપણું આ મહોત્સવ દ્વારા જણાવ્યું છે.

વહાલા ભક્તજનો ! આ મહોત્સવને શોભાવ્યો હોય તો તે શ્રીજીપ્રસાદી માહાત્મ્યની કથાએ. પૂ.સ્વામીએ શ્રીજીપ્રસાદી માહાત્મ્યની કથાને પોતે શાસ્ત્રોમાંથી ચીવટપૂર્વક સંશોધન કરી, એનાં દોહા-ચોપાઈ-છંદ બનાવી આપણને કહી સંભળાવ્યાં છે. આવા સંપ્રદાયના અતિ મૂર્ધન્ય આપણા દક્ષિણ દેશ સત્સંગની શોભા સમાન આપણા વક્તા સદ્‌ગુરુ શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીને અમારા ખૂબ ખૂબ ધન્યવાદ છે. વળી, સદ્‌ગુરુ શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામીએ શ્રીમત્ સત્સંગિજીવન અંતર્ગત વિશેષપણે વડતાલના મહિમાની અને આપણા સંપ્રદાયના જે કંઈ ઉત્સવ હોય, એ ઉત્સવને ભવ્યતાપૂર્વક ઊજવી-ઊજવાવીને કથા કરી છે, ત્યારે અમે સ્વામીશ્રીને હૃદયથી ખૂબ ખૂબ ધન્યવાદ આપીએ છીએ.

આજે એક નાનામાં નાની સેવાથી લઈ મોટા ઉત્સવ સમૈયાની સેવા કરી છે; એ તમામ સંતો-ભક્તોને હું હૃદયથી બિરદાવું છું. મહારાજની કૃપા તો છે જ, પણ એની સાથે સાથ તમારા પ્રયાસના સુભગ સમન્વયને લઈને આ મહોત્સવ શોભ્યો છે. વહાલા ભક્તો ! આપણે બધા સાથે મળી એકબીજાનો આદર-સત્કાર કરતા થકા કાર્ય કરીશું અને આવનારા વર્ષોમાં આવા મહોત્સવ થતા રહેશે, તો અમને એવો વિશ્વાસ છે કે આખા વિશ્વમાં શ્રીસહજાનંદ સ્વામી દ્વારા સ્થાપિત મૂળ સંપ્રદાયનો જયજયકાર થાશે. આજે આખા વિશ્વના નકશા ઉપર વડતાલ વડતાલ છવાઈ ગયું છે, એનું કારણ આપણા બધાનો સમર્પણભાવ છે.

ભગવાન શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા લક્ષ્મીનારાયણ દેવનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે, આવી રીતે સામૂહિક શક્તિ દ્વારા એકબીજાનો આદર કરતા થકા આપણે આગળ વધીએ. આ ઉત્સવ નિર્વિઘ્નપણે પૂર્ણ થયો એના માટે પુનઃ પુનઃ અનંતકોટી બ્રહ્માંડના ધણી શ્રીપુરુષોત્તમનારાયણ અને પરમહંસોના ચરણોમાં પ્રાર્થના સાથે મારા ભાવથી જય સ્વામિનારાયણ...



# રાજકીય મહાનુભાવો



WATCH VIDEO

માન.શ્રીનરેન્દ્રભાઈ મોદી - ભારત દેશના વડાપ્રધાનશ્રી



WATCH VIDEO

આચાર્યશ્રી દેવવ્રતજી - રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય



WATCH VIDEO

માન.શ્રીભૂપેન્દ્રભાઈ પટેલ - મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

# રાજદ્વારેથી પધારેલા આમંત્રિત મહેમાનોના ઉદ્‌ગારો..



માન.શ્રીમોહનભાગવતજી
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, સરસંઘચાલક



માન.શ્રીભૈયાજી જોશી
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, અગ્રણી સભ્ય



માન.શ્રીબજરંગદાસ બગડાજી
આંતરરાષ્ટ્રીય મહામંત્રીશ્રી



માન.શ્રીહર્ષભાઈ સંઘવી
ગુજરાત રાજ્ય, ગૃહમંત્રી



માન.શ્રીસી.આર.પાટીલ
ભારત કેન્દ્રીય મંત્રી-જલશક્તિ, ભાજપ પ્રમુખ-ગુજરાત



માન.શ્રીઆલોક કુમારજી
વિશ્વ હિંદુ પરિષદ, આંતરરાષ્ટ્રીય અધ્યક્ષશ્રી



માન.શ્રીપંકજભાઈ દેસાઈ
ધારાસભ્ય, નડિયાદ



માન.શ્રીનીતિનભાઈ પટેલ
પૂર્વ ડેપ્યુટી મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય



માન.શ્રીશરદભાઈ ઢોલેજી
વિશ્વ હિંદુ પરિષદના અગ્રણી



માન.શ્રીદિનેશચંદ્રજી
વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય સંરક્ષક



માન.શ્રીજીતુભાઈ વાઘાણી
જાહેર હિસાબ સમિતિ, ગુજરાત રાજ્ય



માન.શ્રીવિજયભાઈ રૂપાણી
પૂર્વ મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજ્ય



માન.શ્રીડી.એન.પટેલ
ટેલિકોમ ટ્રિબ્યુનલ ચેરમેન, નવી દિલ્હી



માન.શ્રીબળવંતભાઈ જાની
ગુજરાતી લેખક અને વિવેચક

# સ્વામિનારાયણ રંગોત્સવ











WATCH VIDEO

શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતાના સંતો-ભક્તોને લાડ લડાવવા અનેક ઉત્સવો ઊજવતા. તેમાં તેમણે સૌથી વધુ વખત ઊજવેલ ઉત્સવ એટલે હોળી-રંગોત્સવ. શ્રીજીમહારાજે વડતાલ, ગઢડા, અમદાવાદ, ભુજ વગેરે ૨૪ જેટલા વિવિધ સ્થળોએ સંતો-ભક્તો સાથે ૬૨ જેટલા રંગોત્સવ કર્યા હતા. તેનું વિવિધ વર્ણન સ્વામિનારાયણ સંપ્રદાયના શાસ્ત્રોમાં વાંચવા મળે છે.

શ્રીહરિની એ રંગોત્સવની લીલા આજે પણ માનવમાત્રને સાક્ષાત્ દશ્યમાન થાય એવા હેતુથી કુંડળધામવાળા પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તેનું આબેહૂબ 3D એનિમેશન તૈયાર કરાવ્યું છે. તેમાં ૫૦ જેટલા સંતો-ભક્તો અને આર્ટિસ્ટોએ ૨ વર્ષ સુધી કુલ ૯૦,૬૪૬ જેટલા માનવ કલાકો આપીને તેનું સર્જન કર્યું છે.

શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ દ્વારા તૈયાર કરવામાં આવેલ આ સ્વામિનારાયણ ફિલ્મ 'સ્વામિનારાયણ રંગોત્સવ'નું વિમોચન વડતાલધામમાં યોજાયેલ દ્વિશતાબ્દી મહોત્સવમાં તા.૧૨/૧૧/૨૦૨૪ના રોજ વડતાલપીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ તથા પ.પૂ.ગુરુજી તથા વડીલ સંતોના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

રંગોત્સવની આ 3D ફિલ્મમાં પોતાના પ્યારા સંતો-ભક્તો સાથે વિવિધ અદામાં રંગે રમતા સ્વામિનારાયણ ભગવાનને નિહાળવાથી આબાલ-વૃદ્ધ સહુ કોઈને આનંદ-આનંદ થઈ જાય છે. એટલે જ આ ફિલ્મ રીલિઝ થતાં એક જ દિવસમાં એક લાખ ઉપરાંત લોકોએ તેને નિહાળી લીધી છે. બાળકો કે વડીલો, બહેનો કે ભાઈઓ સહુ કોઈને વારંવાર જોયા કરવાનું મન થાય એવું આ 3D એનિમેશન 'સ્વામિનારાયણ રંગોત્સવ' નિહાળવા માટે QR Code પર ક્લીક કરો.













# વિધવિધ કાર્યક્રમો



મુક્તાનંદ સ્વામી પ્રવેશદ્વાર ઉદ્ઘાટન



નૂતન સંતભુવન ઉદ્ઘાટન




સુવર્ણતુલા



બાળ મહોત્સવ



સંતોનો મહારાસ



રાત્રી કાર્યક્રમ



મહિલા મંચ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ દ્વારા આયોજિત

શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ ના આશીર્વાદ થી

ભારત ના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના

વરદ હસ્તે

કોમોડિટી કોઈન નું લોકાર્પણ



ભારત સરકારે નવો રૂપિયા 200 નો સિક્કો ચલણ મા મૂક્યો, જેની પાછળ સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થ સ્થળ વડતાલ મંદિર ની આકૃતિ રાખવામાં આવેલ છે,

₹૨00 વડતાલ ધામ ના ૨00 વર્ષ સૂચવે છે...

વિશ્વ માં સ્વામિનારાયણ સંપ્રદાય નો ડંકો વગાડી દીધો અને સ્વામિનારાયણ સંપ્રદાય ને ખૂબ ગર્વ અનુભવાય તેવું આ કાર્ય થયું છે.

ભારતીય પોસ્ટ ટિકિટ








શ્રી રાધાકૃષ્ણદેવજી

શ્રી લક્ષ્મીનારાયણદેવ

શ્રી વાસુદેવ નારાયણજી

સુવર્ણવાઘા અર્પણ




ALAUKIK AKSHARBHUVAN
SHREE SWAMINARAYAN MUSEUM VADTAL DHAM


WATCH VIDEO
અલૌકિક અક્ષરભુવન


WATCH VIDEO

૧૦૮ કુંભીપૂજન







# આધ્યાત્મિક કાર્યક્રમો

WATCH VIDEO


અખંડ અભિષેક


મહામંત્રથી પુષ્પપૂજન


ભાવપૂજન


મહાપૂજા


અખંડ ધૂન


અખંડ મંત્રલેખન


વેદપારાયણ


શ્રીહરિયાગ એવં શ્રીયાગ


નિત્ય કેસર અભિષેક


મહાપૂજા


૧૦૮ કુંડી શ્રીમહાવિષ્ણુયાગ


રાજોપચાર પૂજન

# ૨૦૦મા પાટોત્સવનો અભિષેક તથા અન્નકૂટ









વડતાલધામમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં તા.૧૩/૧૧/૨૦૨૪ ને બુધવાર, કારતક સુદ-બારસના પવિત્ર દિવસે વડતાલવાસી દેવોનો ૨૦૦મો પાટોત્સવ ઊજવવામાં આવ્યો હતો. આ પાવન પ્રસંગે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા બ્રહ્મચારી અને પૂજારીઓ દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજ અને શ્રીલક્ષ્મીનારાયણ દેવ આદિ દેવોનો પંચામૃત તથા વિવિધ જ્યૂસથી અભિષેક કરવામાં આવ્યો હતો. મંદિરના પ્રાંગણમાં LEDની વ્યવસ્થા ખૂબ સારી કરી હતી, તેથી હજારો હરિભક્તોએ આ અભિષેકનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. વળી, બપોરે ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ અન્નકૂટની આરતી ઉતારી હતી. આગલા દિવસે પ્રબોધિની એકાદશીના રોજ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ ૪૭ પાર્ષદોને ભાગવતી સંતદીક્ષા આપી હતી.

WATCH VIDEO



## સંતદીક્ષા

















WATCH VIDEO





# રાત્રી લાઈટિંગમાં ઝળહળતું વડતાલધામ...



વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહામહોત્સવ

# પૂર્ણાહુતિ પ્રસંગે...

















આગામી મહોત્સવની જાહેરાત





# શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર ૩૩

## પૂર્વ સંધ્યાએ...

## શરદોત્સવ



શિબિર પૂર્વે તા.૧૭/૧૦/૨૦૨૪, શરદપૂનમના રોજ કુંડળધામમાં મંદિરના ચોકમાં શ્રીહરિ સંતો સાથે અનેક રૂપે રાસ રમતા હોય તેવો નયનરમ્ય ફ્લોટ બનાવવામાં આવ્યો હતો. અને પૂ.સંતો-ભક્તોએ પ્રભુને સંભારીને રાસ લીધો હતો. તેમાંય પૂ.સંતો મહારાજને સાથે રાખીને જ્યારે રાસ લઈ રહ્યા હતા ત્યારે તો જાણે પ્રત્યક્ષપ્રમાણ મહારાજ પૂ.સંતોની સાથે રાસ રમતા હોય ! એવું અદ્ભુત દૃશ્ય સર્જાયું હતું. આ અલૌકિક દર્શનનો લાભ લઈ સૌ ભક્તો ધન્ય બન્યા હતા.

WATCH VIDEO













## અખંડધૂન



શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર-૩૩ની પૂર્વસંધ્યાએ તા.૨૭ ઓક્ટોબરથી ૬ નવેમ્બર,૨૦૨૪ સુધી પૂ.ગુરુજીએ અખંડધૂનનું આયોજન કરાવ્યું હતું. જેમાં શિબિરાર્થી ભાઈઓ-બહેનોએ **પૂ.ગુરુજીની મરજી જાણી બંને વિભાગમાં ૧૧ દિવસ સુધી ચોવીસે કલાક અખંડધૂન કરી મહારાજ અને પૂ.ગુરુજીને રાજી કર્યા હતા.** આ ધૂનમાં અનેક સંતો-ભક્તોને પ્રભુમાં પ્રેમ સાથે દિવ્યતાની ઝાંખી થઈ હતી.



WATCH VIDEO





શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર-૩૩

# દિવ્ય શુભારંભ





WATCH VIDEO











તા.૩૦/૧૦/૨૦૨૪ના રોજ શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર-૩૩નો પ્રારંભ થયો. પ્રાતઃકાળના બ્રહ્મભીના વાતાવરણમાં સૌ શિબિરાર્થી ભક્તો પ્રભાતફેરી, મંગળા આરતી-સ્તુતિનો લાભ લઈ સભામંડપમાં પધાર્યા. સૌના હૃદયમાં પ્રભુના આગમનની આતુરતા હતી. થોડી જ વારમાં સ્ટેજ પર કચ્છી ભક્તોના સંવાદની મધ્યે પૂ.ગુરુજી અને કેટલાક સંતો-ભક્તો ઢોલ-ત્રાંસા અને નગારાં જેવાં વાદ્યો સાથે ધૂન કરવા લાગ્યા. ત્યાં તો એક બાજુથી સૌના હૃદયેશ્વર શ્રીહરિજી મહારાજની અસવારી આવતી દેખાઈ. તેથી વાલમજીનાં વધામણાં કરવા સૌ વાજતે-ગાજતે પ્યારા પ્રભુજી સામે ગયા. પૂજન-અર્ચન કરી પ્રભુને સ્ટેજ ઉપર બિરાજિત કર્યા.

શ્રીહરિજી મહારાજ સ્ટેજ પર અનેક સ્વરૂપે વિવિધ અદામાં દર્શન આપી રહ્યા હતા. ક્યાંક કચ્છી ગામના ઘરમાં, ક્યાંક અટારીએ તો ક્યાંક અગાશીમાં, ક્યાંક શાકભાજીની હાટડીએ તો ક્યાંક ગાયની સેવામાં; એમ અનેક સ્વરૂપે શ્રીહરિ બિરાજમાન હતા. પૂ.ગુરુજી જ્યારે એ સ્વરૂપોનું પૂજન-અર્ચન કરી રહ્યા હતા ત્યારે સૌને અલૌકિક અને દિવ્ય દર્શન થયાં. દરેક સ્વરૂપે બિરાજમાન સાક્ષાત્ શ્રીહરિ શિબિરાર્થીઓને દિવ્યતાવર્ધક અવનવી વાતો કરી રહ્યા હતા. જેમ કે, 'અમે સ્ટેજ ઉપર જ નહિ, તમારી આજુબાજુમાં પણ અખંડ રહેવાના છીએ, માટે બધામાં અમારો ભાવ રાખજો..!' 'તમે બધાએ અમારું અખંડ સ્મરણ કર્યું તેથી અમે ખૂબ રાજી થયા છીએ', 'જેને આ સમૂહમાં ગમશે તેને અક્ષરધામમાં સુખેથી રહેવાશે.' 'અમે ગુરુજીમાં રહીને વાતો કરીશું, તે યાદ રાખી એકબીજાને કહેજો.' આવી બધી પ્રભુના મુખની વાતોને સૌ શિબિરાર્થી ભક્તોએ અંતરમાં ધારી લીધી.

ત્યારબાદ પૂ.મુનિ સ્વામી, પૂ.ભાવિલા સ્વામી, પૂ.નિર્મળદાસજી સ્વામી તેમજ શિબિરના યજમાન પ.ભ.શ્રીમનુભાઈ નાગજીભાઈ જિયાણી તથા પૌત્ર ધ્રુવ અને કેટલાક સમર્પિત ભક્તો દ્વારા દીપ પ્રાગટ્ય બાદ પ્રભુજીની આરતી ઉતારવામાં આવી. આમ, શિબિરનો શુભારંભ સૌનાં હૃદયમાં દિવ્યતા પ્રસરાવી ગયો.

# નિત્ય પ્રાતઃ પ્રાર્થના એવં કીર્તનસહ ધ્યાન





WATCH VIDEO





દરરોજ શિબિરના પ્રારંભમાં સૌ શિબિરાર્થી સંતો-ભક્તો ઊભા થઈ **‘મહા બળવંત માયા તમારી...’** એ ફગવાના માધ્યમે વહાલા મહારાજને પ્રાર્થના કરતા. ભક્તોને શ્રીહરિના સુખમાં ડુબાડવાનું શ્રેષ્ઠ માધ્યમ એટલે કીર્તનસહ ધ્યાન. જેમાં સવારના બ્રહ્મભીના વાતાવરણમાં

પૂ.ગુરુજી નંદસંતો રચિત કીર્તનોના માધ્યમે શ્રીહરિજી મહારાજનું અદ્‌ભુત ધ્યાન કરાવતા હતા. વળી, આ પદોમાં આવતા વર્ણન પ્રમાણે મહારાજનાં અંગોઅંગ, તિલચિહ્ન વગેરેનાં LED સ્ક્રીન પર વિડિઓ દર્શન કરી શિબિરાર્થીઓ મહારાજની મૂર્તિમાં નિમગ્ન બની ધન્ય થયા હતા.

# સવારનું ચિંતન



કીર્તનસહ ધ્યાન બાદ પૂ.ગુરુજી દરરોજ સવારના ચિંતનનો લાભ આપતા હતા. જેમાં શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર-૩૦થી ચાલતું સદ્.શ્રીપ્રેમાનંદ સ્વામીકૃત **'કરું પ્રથમ પ્રણામ સંભારી રે...'** આ પદની ૨૨ થી ૩૨ કડીના માધ્યમે પૂ.ગુરુજીએ ખૂબ સુંદર મનનીય વાતો કરી હતી. અને અંતે આ પદનું વિવેચન પૂર્ણ કરી સમગ્ર પદનું વ્યાખ્યાન વહાલા હરિકૃષ્ણ મહારાજને તેમના ૨૦૦મા બર્થ ડે નિમિત્તે અર્પણ કર્યું હતું.

# શિક્ષાપત્રીભાષ્ય કથા




દરરોજ બપોર પછીના સેશનમાં પ.પૂ.ગુરુજી 'શિક્ષાપત્રીભાષ્ય કથા'નું રસપાન કરાવતા હતા. જેમાં શિક્ષાપત્રી શ્લોક ૧૩૬ થી ૧૩૯ સુધી ગૃહસ્થના વિશેષ ધર્મની ખૂબ જ ઊંડાણપૂર્વક કથા કરી હતી. પૂ.ગુરુજીએ કહ્યું હતું કે, **"આ કથા જીવનમાં ઉતારીશું તો ભગવાન આપણને અક્ષરધામમાં ઉતારશે."** શિબિર દરમિયાન આવી સુંદર કથા સાંભળીને સહુ શિબિરાર્થીઓએ શિક્ષાપત્રી પ્રમાણે ભગવાનની આજ્ઞા પાળવાના ઠરાવો કર્યા હતા.


# યુવા-યુવતી સભા

શિબિરાર્થીઓને પોતાના લેવલે પોષણ મળી રહે તેવા હેતુથી શિબિરમાં અલગ અલગ સભાઓ યોજવામાં આવતી હતી. તેમાં તા.૩૧ ઓક્ટોબર અને ૩ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ **યુવા-યુવતી સભા**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.દયાળુ સ્વામીએ શ્રીહરિ તથા સત્પુરુષની આજ્ઞાનું મહત્ત્વ બતાવી પ્રેક્ટિકલ ઉપાયો બતાવ્યા હતા. તેમજ સત્સંગી ભાઈઓ-બહેનોએ અરસપરસ કેવો ભાવ રાખવો જોઈએ ? તે વિશે ખૂબ સુંદર વાતો કરી હતી.

વળી, પ્રેઝન્ટેશનના માધ્યમે પૂ.દયાળુ સ્વામીએ ‘ગુરુની આવશ્યકતા’ એ વિષય ઉપર અસરકારક વાત કરી હતી. જેમાં ગુરુ એટલે શું ? ગુરુની અનિવાર્યતા, ગુરુની ગરિમા-મહત્તા, ગુરુનિષ્ઠામાં અવરોધક શું ? સદ્‌ગુરુને સેવવાની સાચી રીત કઈ ? અને ગુરુનિષ્ઠા દઢ કરવાના ઉપાયો જણાવ્યા હતા. આ પ્રસંગે પૂ.પ્રત્યક્ષસ્વરૂપ સ્વામીએ પણ ‘મોટેરાની નિષ્ઠા-સ્વીકાર’ વિશે બળભરી વાતો કરી હતી. જેનો લાભ લઈ સહુએ ભગવાન અને સંતોને રાજી કરવાના દઢ ઠરાવો કર્યા હતા.

આ ઉપરાંત પૂ.દયાળુ સ્વામીએ ‘માતા-પિતાની કેળવણી’ આ ટોપિક ઉપર સંતાનોને ઉછેરવાની ચાર રીત બતાવી હતી : (૧) Permissive(ઈચ્છાનુસાર છૂટછાટ) (૨) Authoritarian(સરમુખત્યારશાહી) (૩) Neglative(ઉપેક્ષિત) (૪) Authoritative(પ્રમાણભૂત). તેમાં શ્રેષ્ઠ મા-બાપ બનવાનો શ્રેષ્ઠ સાર અને સત્સંગીના સંતાન માટે શ્રેષ્ઠ પરિબળો બતાવ્યાં હતાં.





# સત્સંગ લાભ



## કાર્યકર સભા (પ.પૂ.ગુરૂજી તથા પૂ.દયાળુ સ્વામી)

સત્સંગ સંબંધી સેવા-પ્રવૃત્તિના તમામ સંચાલકો તેમજ કાર્યકર ભાઈઓ-બહેનોને જરૂરી પોષણ અને માર્ગદર્શન મળી રહે એ માટે તા.૦૫ નવેમ્બર, ૨૦૨૪ના રોજ 'કાર્યકર સભા'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.દયાળુ સ્વામીએ કાર્યકરોનો સમય અને સંસ્કાર ન બગડે તે માટેની જરૂરી બાબતો જણાવી હતી. તેમજ સ્વયં આદર્શ બનવા વિશે વાતો કરી હતી. વળી, પૂ.ગુરુજીએ પધારી **પરિવારનો ખ્યાલ રાખવા વિશે** અને **સમૂહમાં રહેવાના ફાયદા વિશે** ખૂબ સુંદર વાતો કરી આશીર્વાદ પાઠવ્યા હતા.





## NRI સભા (પ.પૂ.ગુરૂજી તથા પૂ.દયાળુ સ્વામી)

શિબિર દરમ્યાન તા.૨ નવેમ્બરના રોજ વિદેશથી આવેલ ભક્તો માટે ભજનહોલમાં સ્પેશ્યલ NRI સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં NRI ભક્તોની શ્રદ્ધા અને ભાવનાને જોઈને વહાલા પૂ.ગુરુજી આશીર્વાદ આપવા માટે પધાર્યા હતા. પૂ.ગુરુજીએ **'ભગવાનનો સાક્ષાત્ અનુભવ કરવો છે, એવો દિલમાં ભાવ રાખવો તેમજ ભગવાનમાં હેત વધે તેવું જીવન જીવવું.'** આવી ભગવાનને પામવાની ભૂખ વધારે તેવી વાતો કરી હતી. વળી, પૂ.દયાળુ સ્વામીએ સમર્થ સત્પુરુષને મરતા સુધી માથે રાખવા વિશે મહિમાસભર વાતો કરી હતી તેમજ પૂ.સ્નેહાળુ સ્વામીએ એકબીજાનો સ્વીકાર કરવાનું બળ પૂરું પાડ્યું હતું; આવો અલૌકિક લાભ પામીને સૌ NRI ભક્તો કૃતકૃત્ય થયા હતા.




## વડીલ સભા (પૂ.સંતો)

શિબિર દરમ્યાન બે દિવસ વડીલો માટે સ્પેશ્યલ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.વહાલા સ્વામીએ મળેલા ભક્તોનો મહિમા રાખવા વિશે અને કોઈનું નેગેટિવ ન સાંભળવા વિશે મનનીય વાતો કરી હતી. તેમજ પૂ.સ્નેહાળુ સ્વામી અને પૂ.ન્યાલકરણ સ્વામીએ પણ વડીલ ભક્તોને જીવન ઉપયોગી ખૂબ સુંદર વાતો કરી હતી.



## આધ્યાત્મિકતામાં નડતી વ્યાવહારિકતાનાં સમાધાન (પૂ.સ્નેહાળુ સ્વામી)

આ સેશનમાં પૂ.સ્નેહાળુ સ્વામીએ ભક્તોને સાથે રાખીને આધ્યાત્મિકતામાં અને વ્યવહારમાં પ્રગતિ કરવા માટેના ઉપાયો બતાવતાં કહ્યું હતું કે, **"જીવનમાં પાંચ દીકરા દત્તક લેવા. જેવા કે, સવળું લેવું, સહન કરવું, સ્વીકાર કરવો, જતું કરવું અને માફ કરવું. તેમજ પાંચ દીકરીઓને પરણાવીને જમાઈ સાથે વળાવી દેવી. જેવી કે, કુથલી, શંકા-કુશંકા, નિંદા-ટીકા, ઈર્ષા અને અદેખાઈ."** આવાં રૂપક સાથે ગમ્મત સાથે જ્ઞાન આપતાં પૂ.સ્વામીએ વ્યાવહારિક પ્રશ્નોનાં સમાધાન આપ્યાં હતાં.



## યુવાસભા એવં પ્રશ્નોત્તરી (પૂ.કૃપાળુ સ્વામી)

શિબિર દરમ્યાન તા.૧ નવેમ્બરના રોજ કોલેજિયન યુવકો માટે સ્પેશ્યલ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.કૃપાળુ સ્વામીએ રોજ વચનામૃત વાંચવા વિશે, સંતોના કોન્ટેક્ટમાં રહેવા વિશે વાતો કરી હતી. તેમજ સાયન્સની દૃષ્ટિએ ભગવાનના મહિમાની અદ્‌ભુત વાતો કરી હતી. વળી, ૫ નવેમ્બરના રોજ પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.સ્વામીએ શિબિરાર્થીઓના આધ્યાત્મિક અને વ્યાવહારિક પ્રશ્નોના સમાધાન કરી બધાને હળવાફૂલ બનાવી દીધા હતા.









# બાલ-બાલિકા શિબિર-૩૬



કળિયુગના આ દૂષિત વાતાવરણમાં કુમળા છોડ સમાન બાળકો-કિશોરો સંસ્કારી અને સદ્‌ગુણી બની રહે તેવા ઉમદા હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ પૂ.ગુરુજીની પ્રેરણાથી તા.૩૦ ઓક્ટોબરથી ૫ નવેમ્બર, ૨૦૨૪ દરમ્યાન **‘બાલ-બાલિકા શિબિર-૩૬’** અને **‘કિશોર-કિશોરી શિબિર-૮’**નું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરના પ્રારંભે બાળકો-કિશોરોએ શ્રીહરિકૃષ્ણ મહારાજ, પૂ.ગુરુજી તેમજ સંતો-ભક્તોને મોતી-પુષ્પોથી વધાવી સ્વાગત-વધામણાં કર્યાં હતાં.

ત્યારબાદ પૂ.ગુરુજીએ યજમાન પરિવારના બાળકો ધ્રુવ, મોક્ષ, મિત અને શિવને સાથે રાખી દીપપ્રાગટ્ય દ્વારા શિબિરનો શુભારંભ કરાવ્યો હતો.



# કિશોર-કિશોરી શિબિર-૮

આ બંને શિબિરમાં પૂ.સંતો અને સંચાલકોએ પ્રેરણાદાયી પ્રેઝન્ટેશન, વિડિયો ક્લિપ્સ, ઉત્સવો તથા વિવિધ ગેમ્સ દ્વારા ગમ્મત સાથે જ્ઞાન આપી સંસ્કારનાં બીજ રોપ્યાં હતાં. પૂ.ગુરુજી અને પૂ.દયાળુ સ્વામીએ પણ ખાસ સમય ફાળવીને બાળકો-કિશોરોની અવસ્થાને અનુરૂપ હિતકારી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને જીવન ઘડતરની શીખ આપી હતી.

WATCH VIDEO















# દીપાવલી પર્વ




વિ.સં.૨૦૮૦નો અંતિમ દિવસ એટલે દીપાવલી. દિવાળીની ઢળતી સંધ્યાએ કથામંડપમાં વિશાળ સ્ટેજ ઉપર દીવડાઓ ઝળહળવા લાગ્યા. હજારો દીવડાઓ પ્રગટવાથી રમણીય અને દિવ્ય દૃશ્ય સર્જાયું હતું. પૂ.સંતોએ દીપોત્સવના કીર્તનની રમઝટ બોલાવી. કીર્તનના સથવારે સૌ શિબિરાર્થીઓ ઝૂમી ઊઠ્યા. આ પ્રસંગે મંચસ્થ વહાલા રાજાધિરાજ મહારાજની સમૂહઆરતીનો લાભ મળતાં સૌ ભક્તો ભાવ, પ્રેમથી ભગવાનમાં એકતાર બની સમૂહઆરતીમાં જોડાયા ત્યારે સહુના હૈયામાં અનેરો આનંદ પ્રસરાયો હતો.

કથામંડપમાં સમૂહઆરતીનો લાભ લીધા બાદ દીપોત્સવનો દિવ્ય લાભ લેવા માટે સૌ શિબિરાર્થી ભક્તો ઉતાવળી ગંગાના કિનારા પર આવ્યા. પૂ.ગુરુજીએ સેવનીય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજને સાથે લઈ સર્વે સંતો સાથે ઉતાવળી ગંગાના પુલ ઉપર પોતાનું સ્થાન લીધું. ત્યારબાદ પૂ.ગુરુજીએ ઉતાવળી ગંગામાં દીપમાળાથી સજ્જ કરેલ તરાપામાં બિરાજિત રાજાધિરાજ મહારાજનું પૂજન કર્યું. પછી પૂ.દયાળુ સ્વામી સાથે શિબિરના યજમાન પ.ભ.મનુભાઈ જિયાણી વગેરે પરિવાર તથા પૂ.સંતોએ રાજાધિરાજ પ્રભુને નૌકાવિહારની સાથે અવનવા ફટાકડાઓથી આતશબાજી કરી. તે સમયે દેહ અને દુનિયા ભુલાઈ જાય એવું અદ્ભુત દૃશ્ય સર્જાયું હતું. અંતમાં પૂ.ગુરુજી તેમજ સૌ શિબિરાર્થી સંતો-ભક્તોએ નૌકાવિહાર કરતા વાલમજીને હૃદયના ઉમળકાથી સમૂહઆરતી કરી રાજી કર્યા હતા.








ઉતાવળી ગંગામાં દિવ્ય
દીપોત્સવ
WATCH VIDEO

# ભાવભીની ભેટણલીલા




બેસતુંવર્ષ એટલે વડીલો, ગુરુજનોના આશીર્વાદ લેવાનો દિવસ. ગતવર્ષની ભૂલોની ક્ષમા માંગી નવા ઠરાવ સાથે આગળ વધવાનો દિવસ. આત્માના સાચા સંબંધી સૌ સંતો-ભક્તોમાં શ્રીહરિને ધારી ભાવથી ભેટવાનો દિવસ.

સં.૨૦૮૧ના આ નવલા પ્રભાતે જ્યારે સૌના હૈયામાં અનેરા આનંદની લાગણીઓ ઊભરાતી હતી, ત્યારે તેમાં ઉમેરો કરવા વહાલા મહારાજે અલૌકિક રીતે એક નવી જ દિવ્યતા પ્રસરાવી. પૂ.ગુરુજી જ્યારે પ્રાતઃકાળે પધારી સૌ પ્રથમ શ્રીહરિને ભેટ્યા, ત્યારે પૂ.ગુરુજી પ્રત્યેનો પોતાનો સ્નેહ દર્શાવવા જાણે મહારાજે તેમનો ખેસ પકડી રાખ્યો હોય તેવું અદ્‌ભુત દર્શન થયું !



ત્યારબાદ કીર્તનસહ ધ્યાન અને સવારના ચિંતનનો અલૌકિક આનંદ આપી નૂતનવર્ષના આશીર્વચન પાઠવતાં પૂ.ગુરુજીએ આ સં.૨૦૮૧ના વર્ષને **‘ધામભાવે અખંડ સ્મરણ વર્ષ’** તરીકે જાહેર કર્યું. અને સૌની આતુરતા વચ્ચે શરૂ થઈ ભાવભીની ભેટણલીલા. ગતવર્ષની ગળતા હૃદયે માફી માંગતા અને નૂતનવર્ષની આશિષ માંગતા સૌ પ્રથમ સંતો પરસ્પર ભેટવા લાગ્યા.

ત્યારબાદ પાર્ષદો, સાધકો અને મુમુક્ષુઓ પણ જોડાયા. નેહ નીતરતા નેણે સૌ હરિભક્તો પણ આ દર્શનની દિવ્યતા અનુભવતા હતા.

ત્યારબાદ પૂ.ગુરુજીની આજ્ઞા મળતાં સૌ હરિભક્તો પણ સહુમાં શ્રીહરિને ધારી પરસ્પર ભેટ્યા. સમગ્ર સભામંડપમાં જાણે અક્ષરધામનો આનંદ છવાઈ ગયો !

અંતે સૌ ભક્તોની ભાવના સ્વીકારવા પૂ.ગુરુજી શ્રીહરિને સાથે લઈને તમામ ભક્તોની વચ્ચે પધાર્યા. દરેક શિબિરાર્થી ભક્તોએ શ્રીહરિના ફૂલડેથી વધામણા કરી ધોતિયાથી પૂજન કરવાનો લાભ લીધો. કુંડલાધિપતિ શ્રીહરિને દિવાળીના દિવસે ધરાવેલ સૂકામેવાનો દિવ્ય પ્રસાદ પામી સહુ કૃતકૃત્ય બન્યા હતા.










# ધામભાવે અખંડ સ્મરણ વર્ષ

સં.૨૦૮૧

સં.૨૦૮૧ના નવલા વર્ષનું પૂ.ગુરુજીએ “ધામભાવે અખંડ સ્મરણ વર્ષ” એવું સુંદર નામાભિધાન કર્યું હતું. પૂ.ગુરુજીએ કહ્યું હતું કે **“પહેલા આપણે આત્મરૂપ થવાનું, પછી બ્રહ્મરૂપ થવાનું અને પછી ભગવાનના ધામરૂપ થવાનું;** આ બધાં સ્ટેપની વાત કરી આપણે આખું વર્ષ ધામભાવે ધામીનું અખંડ સ્મરણ કરવા કહ્યું હતું. વળી, પૂ.ગુરુજીએ કહ્યું હતું કે, ભગવાને આપણને રાજી કરવા જેવા સંતો-ભક્તો-મુક્તો આપ્યા છે કે જેને રાજી કરવા આપણી આયુષ્યની ક્ષણેક્ષણ અને લોહીની બુંદેબુંદ વાપરીએ તો ધન્ય થઈ જઈએ. તેમને જરીક જેટલા રાજી કર્યા હોય તો કેટલાંય વિઘ્નો નાશ થઈ જાય, કેટલાંય પાપ નાશ થઈ જાય, અંતઃશત્રુ બળી જાય, વાસના ખતમ થઈ જાય. માટે મનને, ઈન્દ્રિયોને લાડ લડાવવા મારી જિંદગી નથી વાપરવી, પરંતુ આખું વર્ષ મારી જિંદગીની ક્ષણેક્ષણ ભગવાન અને સંતો-ભક્તો-મુક્તોને રાજી કરવા વાપરવી છે; એવી ગાંઠ વાળીએ. ૩૬૫ દિવસ અપણે ભગવાન, સંતો-ભક્તોને રાજી કરવા થનગનશું, મહેનત કરશું, જે કરાવે તે કરીશું; એવી રીતે આખું વર્ષ રહીશું.”





# નૂતન વર્ષની પ્રાર્થના

*સં.૨૦૮૧ ના નૂતન વર્ષના આરંભમાં આદરીને પ્રાર્થના*

વહાલા ભક્તો ! અક્ષરધામાધિપતિ ભગવાન શ્રીહરિની કૃપાથી આપણા બધાનું આ નવલું વર્ષ પ્રભુપરાયણ વીતે, ભગવાન જેમ ઇચ્છતા હોય તેમ આપણાથી થાય અને ભગવાનને ગમતાં પાત્ર બની શકીએ; એવી ચાલો આપણે સૌ ભગવાનને પ્રાર્થના કરીએ.

હે મહારાજ ! અમારાથી ગયા વર્ષમાં જે જે ભૂલ થઈ છે તે બધી માફ કરજો, હવે અમે ધ્યાન રાખીશું. આ વર્ષમાં તમને ગમે એવું જ જીવન જીવવા સો ટકા પ્રયત્ન કરીશું; આપ કૃપા કરજો. શક્તિ, ભક્તિ, શ્રદ્ધા, સમજણ દેજો; તેથી તમારું ગમતું પાત્ર બની રહીએ. તમારામય રહીએ, ધર્મમય રહીએ અને સદા બધાને રાજી રાખીએ. દાસના દાસ થઈને તમારી અને તમારા જનની ખૂબ સેવા કરીને પ્રસન્નતા મેળવીએ; એવી અમારી આ વિ.સં.૨૦૮૧ના કાર્તિક સુદ-૧ નૂતનવર્ષ આરંભે પ્રાર્થના છે, નાથ સ્વીકારજો. અમારા ઉપર રાજી રહેજો.

*લી. જ્ઞાનજીવનદાસના સ્વામિ [illegible]*
*જય સ્વામિનારાયણ.*





# પરમહંસોની પંક્તિ



પોતે રસોઈ કરાવે, વૈંતાક ઘણાં આવે;
હાથમાં ડંકો લઈ, પીરસે રાજી થઈ.









# અન્નકૂટ

તા.૨ નવેમ્બર ૨૦૨૪, બેસતાવર્ષના રોજ કુંડળધામમાં બિરાજમાન શ્રીસ્વામિનારાયણ ભગવાન સમક્ષ ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. જેમાં શ્રીહરિજી મહારાજ અન્નકૂટ આરોગતા થકા વિવિધ સ્વરૂપે વિવિધ અદામાં દર્શન દેતા હતા. આ અન્નકૂટમાં સંતોએ બનાવેલ ૧૧૧ આઈટમ અને યજમાન પરિવારે ઘરેથી બનાવીને લાવેલ ૪૦ આઈટમ પ્રભુને ધરાવવામાં આવી હતી. પ્યારા પ્રભુને મિષ્ટાન્ન અને ફરસાણ કુલ મળીને ૨૫૦ કિલો જેટલી વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ભાઈબીજના દિવસે સંતોના વરદહસ્તે આ અન્નકૂટનો પ્રસાદ સૌ શિબિરાર્થીને મળ્યો હતો.






# ડ્રાયફ્રૂટ-કૂટ




# ચોકલેટ-કૂટ





## વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે...

# ભજનભેટ-૨ અર્પણ

વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિ દેવોને ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં વડતાલધામમાં ભવ્યાતિભવ્ય શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઊજવવા નિર્ધાર્યો હતો. ભગવાનને ભજન ખૂબ જ ગમે છે, તેથી પૂ.ગુરુજીએ હરિકૃષ્ણ મહારાજના ૨૦૦મા બર્થ ડે નિમિત્તે તેમની ગમતી ભજનની ગિફ્ટ આપવાનો સંકલ્પ કર્યો અને તે નિમિત્તે **‘ભજનભેટ-૨’**નું આયોજન કરાવ્યું હતું.

પૂ.ગુરુજીના દિલની આવી ઉમદા ભાવનાને વધાવી લઈ હજારો ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક આ ‘ભજનભેટ-૨’ના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જેમાં ૬૯૬૮ ભાઈઓ તથા ૮૯૧૦ બહેનો; એમ કુલ ૧૫,૮૭૮ જેટલા હરિભક્તોએ ચાતુર્માસ દરમિયાન ભજનના ૧૩ જેટલા પ્રકલ્પો તેમજ તપ સંબંધી ૫ અને ત્યાગ કરવા યોગ્ય ૧૦; આમ કુલ ૨૮ પ્રકારના પ્રકલ્પોના માધ્યમે ખૂબ જ મોટી સંખ્યામાં ભજન, તપ અને ત્યાગ સંબંધી નિયમો પાળી મહારાજને રાજી કર્યા હતા. તેમાં **ચાંદ્રાયણની તો વાત જ શું કરવી ! ૪ વર્ષના નાના બાળકથી માંડી ૯૩ વર્ષના વૃદ્ધ સુધીના કુલ ૮૮૭૭ જેટલાં ભાઈઓ-બહેનોએ કુલ ૯૧૨૩ ચાંદ્રાયણ કરીને મહારાજને રાજી કર્યા હતા.**



આ તપ, ભજન અને ત્યાગ સંબંધી નિયમોને વહાલા હરિકૃષ્ણ મહારાજને અર્પણ કરવા માટે શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર-૩૩ અંતર્ગત ભાઈબીજના પવિત્ર દિવસે એક અનેરું આયોજન કરવામાં આવ્યું. દેશ-વિદેશથી પધારેલા સૌ હરિભક્તોએ પૂ.ગુરુજીની આજ્ઞાથી એક ચિટ્ઠીમાં પોતે કરેલ ભજન નોંધ્યું. ત્યારબાદ પૂજનીય સંતોએ દરેક હરિભક્તો પાસે જઈને એ ભજન ટોપલામાં સ્વીકાર્યું તેમજ સાંખ્યયોગી બહેનોએ બહેનો પાસેથી ભજન સ્વીકારી હરિભક્તો દ્વારા પૂ.ગુરુજીને અર્પણ કર્યું. અને પૂ.ગુરુજીએ હરખતે હૈયે એ ભજનનો ટોપલો મસ્તકે ધારી શ્રીહરિકૃષ્ણ મહારાજના ચરણોમાં અર્પણ કરી દીધો.

અંતમાં આ પ્રસંગે પૂ.ગુરુજીએ હરિવરની આરતી ઉતારી અને સર્વે સંતો-હરિભક્તો વતી પ્રભુને પ્રાર્થના કરી **સહુનું ભજન પ્રભુની બેંકમાં જમા કરાવી રાજીપાની કમાણી કરાવી આપી** હતી.














## ભક્તિ સંબંધી ભજન

| ભજનના પ્રકાર | કુલ ભજન (સંખ્યામાં) | કુલ ભજન (શબ્દોમાં) |
|---|---|---|
| જપ | ૪,૧૫,૩૬,૯૨,૦૩૮ | ચાર અબજ પંદર કરોડ છત્રીસ લાખ બાણું હજાર આડત્રીસ |
| માળા | ૧,૫૩,૪૨,૨૪૩ | એક કરોડ ત્રેપન લાખ બેતાળીસ હજાર બસો તેતાળીસ |
| પ્રદક્ષિણા | ૮૪,૬૬,૧૨૭ | ચોર્યાસી લાખ છાસઠ હજાર એકસો સત્તાવીસ |
| દંડવત | ૨૭,૯૦,૩૨૩ | સત્તાવીસ લાખ નેવું હજાર ત્રણસો ત્રેવીસ |
| જનમંગલ આદિ સ્તોત્ર પાઠ | ૧૬,૭૪,૪૩૬ | સોળ લાખ ચુંમોતેર હજાર ચારસો છત્રીસ |
| શ્રીજીચાલીસા પાઠ | ૬,૯૧,૧૭૭ | છ લાખ એકાણું હજાર એકસો સિત્યોતેર |
| તિલ-ચિહ્ન વિડિઓ ધ્યાન | ૩,૦૯,૮૯૯ | ત્રણ લાખ નવ હજાર આઠસો નવ્વાણું |
| તિલ-ચિહ્નની ઉથલ | ૧,૮૪,૩૭૩ | એક લાખ ચોર્યાસી હજાર ત્રણસો તોત્તેર |
| સેવા (દિવસમાં) | ૩,૪૪૨ | ત્રણ હજાર ચારસો બેતાળીસ |
| સત્શાસ્ત્રોનો પાઠ | ૪૮,૮૭૯ | અડતાળીસ હજાર આઠસો ઓગણએંસી |
| કુલ | ૪,૧૮,૩૨,૦૨,૯૩૭ | ચાર અબજ અઢાર કરોડ બત્રીસ લાખ બે હજાર નવસો સાડત્રીસ |

| ભજનના પ્રકાર | કુલ ભજન (કલાકમાં) | કુલ ભજન (શબ્દોમાં) |
|---|---|---|
| ધૂન | ૨,૭૨,૫૫૯ | બે લાખ બોત્તેર હજાર પાંચસો ઓગણસાઈઠ |
| ભગવાનનું ધ્યાન | ૩૨,૩૪૮ | બત્રીસ હજાર ત્રણસો અડતાળીસ |
| સેવા (કલાકમાં) | ૨૫,૦૩૩ | પચીસ હજાર તેત્રીસ |
| કુલ | ૩,૨૯,૯૪૦ | ત્રણ લાખ ઓગણત્રીસ હજાર નવસો ચાળીસ |

## તપ સંબંધી ભજન

| ભજનના પ્રકાર | કુલ ભજન (સંખ્યામાં/દિવસમાં) | કુલ ભજન (શબ્દોમાં) |
|---|---|---|
| એકટાણા | ૫૯,૮૦૮ | ઓગણસાઈઠ હજાર આઠસો આઠ |
| એકાદશી-નકોરડી | ૭,૭૭૬ | સાત હજાર સાતસો છોત્તેર |
| એકાદશી-નિર્જળા | ૨,૩૬૦ | બે હજાર ત્રણસો સાઈઠ |
| ઉપવાસ | ૪,૭૬૪ | ચાર હજાર સાતસો ચોસઠ |
| કુલ | ૭૪,૭૦૮ | ચુંમોતેર હજાર સાતસો આઠ |
| ચાંદ્રાયણની કુલ સંખ્યા | ૯,૧૨૩ | નવ હજાર એકસો ત્રેવીસ |



# મહાપૂજા





સદ્.શ્રીગોપાળાનંદ સ્વામીએ મહાપૂજાના પ્રવર્તનથી અનેક ભક્તોનાં દુઃખ ટાળી પ્રભુના સુખથી પરમ સુખી કર્યા હતા. આ પ્રણાલિકા મુજબ પૂ.ગુરુજીએ તા.૦૪/૧૧/૨૪ના રોજ સૌને પ્રભુમાં પ્રેમ વધે, હજારો હરિભક્તો સુખી થાય; એ ભાવ સાથે સામૂહિક મહાપૂજાનું અનેરું આયોજન કરાવ્યું હતું. આ મહાપૂજા કરાવવા માટે ભુજધામથી પૂ.મહંત સ્વામીના આશીર્વાદ લઈને પૂ.શૌનકમુનિ સ્વામી વગેરે સંતો પધાર્યા હતા. ને તેમણે પ્રત્યક્ષભાવથી ભાવસભર હૈયે અદ્‌ભુત મહાપૂજા કરાવી હતી.



WATCH VIDEO

આ મહાપૂજાના પ્રારંભમાં પૂ.ગુરુજીએ સૌ શિબિરાર્થીઓને આશિષ પાઠવતાં કહ્યું હતું કે, **‘જે કોઈ આ મહાપૂજાનો લાભ લેશે તેનાં આ લોક-પરલોકનાં સર્વ કામ સરશે, અંતઃશત્રુઓનો નાશ કરવામાં મદદરૂપ થશે, આધિ-વ્યાધિ-ઉપાધિ તેમજ ભૂત-પ્રેતાદિકના ઉપદ્રવથી શ્રીહરિ તેમનું રક્ષણ કરશે.’**

આ મહાપૂજાનો ૮૦૦૦ ઉપરાંત હરિભક્ત ભાઈઓ-બહેનોએ પ્રત્યક્ષપણે તેમજ અનેક હરિભક્તોએ નેટના માધ્યમે ઘેર બેઠાં લાભ લીધો હતો. મહાપૂજાના આખર ભાગમાં પૂ.શૌનકમુનિ સ્વામીએ કરાવેલી હૃદયદ્રાવક પ્રાર્થનાથી સૌનાં હૈયાં રડી પડ્યાં હતાં. એકસાથે આટલી મોટી સંખ્યામાં થયેલ મહાપૂજાના દર્શનનો નજારો એવો અલૌકિક અને દિવ્ય હતો કે, એ દર્શન કરનારના હૃદયમાં સહેજે અહો...અહો થઈ જાય !







# દિવ્ય અભિષેક














WATCH VIDEO











તા.૬ નવેમ્બર ૨૦૨૪, લાભપાંચમના પરમ પાવન દિવસે કુંડળધામમાં બિરાજમાન કુંડલાધિપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો ૨૧મો પાટોત્સવ ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો હતો. આ નિમિત્તે શિબિરના યજમાન પ.ભ.મનુભાઈ નાગજીભાઈ જિયાણીના સુપુત્ર અલ્પેશભાઈ તથા પરિવારજનોએ મંદિરમાં શ્રીહરિજી મહારાજની વિશેષ પૂજાનો લાભ લીધો હતો.

આ પાટોત્સવ નિમિત્તે કથામંડપમાં રાજાધિરાજ મહારાજનો ૧૦૦૦ લિટર ઉપરાંત વિવિધ જ્યૂસ, દૂધ, દહીં, મધ, સાકર અને કેસરજળ વગેરે દ્વારા દિવ્ય અભિષેક કરવામાં આવ્યો હતો. વિવિધ જ્યૂસથી સ્નાન કરી રહેલા વહાલા મહારાજની માધુરી મૂર્તિનાં દર્શન તેમજ પ્રસાદીભૂત દિવ્ય અભિષિક્ત જ્યૂસનો પ્રસાદ પામી સૌ શિબિરાર્થી ભક્તોએ દિવ્યતાનો અનુભવ કર્યો હતો. અંતમાં પૂ.ગુરુજીએ યજમાન પરિવારની નિષ્ઠા, નિર્માનીપણું, સાદગીથી રાજી થઈ તેમને અભિષેક કરવાનો લાભ આપ્યો હતો. તેમજ શ્રીહરિનાં અભિષિક્ત વસ્ત્રો, જનોઈ, તુલસીની કંઠી તથા રૂડા આશિષ આપી રાજીપો દર્શાવ્યો હતો.

# શિબિરના માહોલમાં

## દિવ્ય પ્રભાતફેરી






## ટપુજી સ્નેહમિલન



## આનંદોત્સવ



## મુખમાં પ્રભુપ્રસાદ







### આશીર્વચન



પ.પૂ.સદ્.શ્રીમોહનપ્રસાદદાસજી સ્વામી
ધોરાજી

### પૂર્ણાહુતિ પ્રસંગે




પ.પૂ.શ્રીનારાયણમુનીદાસજી સ્વામી
કુંડળધામ



પ.પૂ.શ્રીધર્મસ્વરૂપદાસજી સ્વામી
કુંડળધામ

## નૂતન વિમોચનો










INDEX

